# શ્વાસનળીમાં અટવાઈ ગયેલી પેન્સીલની કેપ બહાર કાઢી બાળકનો જીવ બચાવતા ડો. પુરોહિત



રાજકોટ તા,૧૯

પર્વકુમાર અધ્વર્યું નામના ગોંડલના બાળકને શાળામાં અચાનક જ લખતી વખતે કોઈ કારણસર પ્લાસ્ટિક પેન્સિલની કેપ મોઢામાં જતી રહી હતી, જેને તે બહાર ન કાઢી શક્તા, ગળતી વખતે શ્વાસનળીમાં જતી રહી હતો અને તરત જ તેને ઉધરસ આવવા લાગી હતી. જેથી શિક્ષકે તરત જ તેના માતા-પિતાને જાણ કરીને બાળકને હોસ્પિટલ લઈ જવા કહ્યું હતું. ગોંડલમાં એક પ્રાઈવેટ હોસ્પિટલમાં બતાવતા, ડોકટરને ગંભીરતાની જાણ થતાં પ્રાથમિક સારવાર આપીને તરત જ બાળકને રાજકોટ લઈ જવા કહ્યું હતું. રાજકોટ એચ.જે.દોશી હોસ્પિટલમાં આવતા જ ફેફસાના નિષ્ણાંત ચેસ્ટ ફિઝિશિયન ડો.યજ્ઞેશ પુરોહિતે બાળકની તપાસ કરીને ઈમરજન્સી સીટી સ્કેન કરાવતા પેન્સિલ કેપ બાળકની જમણી બાજુની શ્વાસનળીમાં હોવાનું જણાયુ હતુ અને રાત્રે ૧૨ વાગ્યે ડો.યજ્ઞેશ પુરોહિતે ઈમરજન્સી ઓપરેશન કરી એનેસ્થેટીસ્ટ ડો.ભરત રાવલિયાની સાથે મળીને ખુબ જોખમ સાથે દુરબીન (ફલેક્ષીબલ વીડિયો બ્રન્કોસ્કોપ) વડે કોઈ પણ જાતની કોમ્પ્લીકેશન વગર પ્લાસ્ટીક કેપ બહાર કાઢી હતી અને બીજા દિવસે સાંજે તો બાળક સંપૂર્ણ સ્વસ્થ થઈ જતાં રજા પણ આપી દેવાઈ હતી.

Scanned by CamScanner